# ટ્રેક નં. ૧૯ : દ્રવ્ય, ગુણ, પર્યાય વિષે

✻ દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્, હેં? શું કહ્યું? હા સાંભળો પૂજ્ય બેનશ્રીના પવિત્ર શ્રીમુખેથી.

✻ માંગલિક :

✻ ભક્તિ : વિશ્વના છએ દ્રવ્ય બતાવીને ભિન્ન બતાવ્યો આત્મા,
દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ જુદા બતાવીને સાક્ષાત્ દેખાડ્યો આતમા.

❀ બહેનશ્રી : પોતે દ્રવ્ય છે. એના કાર્ય માટે બહારથી કાંઈક આવે તો કાર્ય થાય એવું એ કાંઈ દ્રવ્ય એવું ન હોય. દ્રવ્ય સ્વતંત્ર હોય. એની જે કાર્ય પરિણતિ થાય અંદર તે સ્વતંત્ર થાય. એને કોઈ સાધનો આવે કે બહારના કોઈ સાધનો મળે તો એનું કાર્ય થાય, એવું નથી. એની કાર્યની તૈયારી અંદર થાય તો સાધનો તો હાજર જ હોય. એનું જ નામ દ્રવ્ય કહેવાય. એને માટે કોઈ પરાધીનતા ન હોય. એ પોતે સ્વાધીન હોય. એની આગળ ઈ જ દ્રવ્ય કહેવાય, એની કાર્ય માટે કોઈની રાહ જોવી ન પડે. પોતે શક્તિવાન છે. રાજા એને કહેવાય કે બધી ઋદ્ધિ હોય. એની ઋદ્ધિ માટે બીજાની રાહ જોવી ન પડે. ચક્રવર્તી હોય છે. એમ આ ચક્રવર્તી રાજા, કાર્ય માટે બીજા કોઈ સાધનની રાહ જોવી ન પડે. પોતે સર્વ સામર્થ્યવાળો છે.

✻ પ્રશ્ન : દરેક દ્રવ્ય ?

● ઉત્તર : દરેક દ્રવ્ય, કે હવે શું કરવું? હવે આ સાધન નથી. તો કેમ આગળ જવાશે? પોતે તૈયાર હોય તો બધા સાધનો હોય જ છે. પોતાની તૈયારી હોવી જોઈએ. પોતે સ્વતંત્ર પરિણામી દ્રવ્ય છે. એનું જ નામ દ્રવ્ય કહેવાય.

✻ પ્રશ્ન : સચેત ને અચેત બંને આવી ગયું. અચેતમાં પણ?

● ઉત્તર : ના; ના એ નહીં. પોતે પોતાની માટે સ્વતંત્ર છે. બીજાને માટે નહીં.

✻ પ્રશ્ન : અચેત સ્વતંત્ર દ્રવ્ય છે ?

● ઉત્તર : ઈ તો સ્વતંત્ર છે. જડ જડમાં સ્વતંત્ર. ચૈતન્ય-ચૈતન્યમાં સ્વતંત્ર, બધા પોતે સ્વતંત્ર જ છે. પરમાણુ પોતે સ્વતંત્ર. બધા સ્વતંત્ર છે. ધર્માસ્તિ, અધર્માસ્તિ બધાય દ્રવ્ય પોતે સ્વતંત્ર. એના કાર્ય માટે કોઈ દ્રવ્યને કોઈની જરૂર નથી. જરૂર કે સાધનોને નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. બાકી એને રાહ જોવી નથી પડતી કોઈના માટે. દરેક દ્રવ્યમાં દરેક સ્વતંત્ર છે. એના દ્રવ્ય, ગુણ, પર્યાય, પોતે સ્વતંત્ર પરિણમે છે. એનું નામ જ દ્રવ્ય કહેવાય. નહિં તો દ્રવ્ય શેનું કહેવાય? એ સ્વતંત્ર દ્રવ્ય, એવું પરાધીન દ્રવ્ય જગતમાં હોય જ નહીં. ગુરુદેવ કહેતા'તા ને ભગવાન આત્મા સ્વતંત્ર છે. ઓછું ન હોય, કાંઈ બધું જ પૂરું જ હોય. ઈ તો વળી પુણ્ય છે, આ તો પોતે દ્રવ્ય છે સ્વતંત્ર. દ્રવ્ય એનું નામ જ કહેવાય કે જેને બહારની કોઈની રાહ જોવી ન પડે, રાહ જોવી પડે તો દ્રવ્ય શેનું? એવું સ્વતંત્ર સ્વતઃસિદ્ધ છે. એને પોતાના કાર્ય માટે બીજા સાધનોની રાહ જોવી પડે તો ઈ દ્રવ્ય પોતે નબળું થઈ ગયું.

✻ પ્રશ્ન : દ્રવ્ય નબળું પડી ગયું ?

● ઉત્તર : દ્રવ્ય જ નબળું પડી ગયું. એવું નબળું દ્રવ્ય હોય જ નહીં. એવું દ્રવ્ય બીજાના આધારે ટકનારું એ દ્રવ્ય શાશ્વત રહી જ ન શકે. ઈ દ્રવ્યનો નાશ થાય. પોતે જેમ જ્યારે પરિણતિ કરવી હોય એમ કરી શકે. તૈયારી થાય પોતાના સ્વભાવ તરફ જવાની તો આપોઆપ બધા બધા નિમિત્તો એને આપોઆપ મળી આવે છે.

✻ પ્રશ્ન : શ્રદ્ધાથી નબળું પડી જાય એટલે દ્રવ્ય નબળું પડી જાય ?

● ઉત્તર : દ્રવ્ય નબળું પડે જ નહીં. નબળું દ્રવ્ય હોય જ નહીં. એક સાધન માટે નબળું પડે તો સાધનો માટે નબળું પડે તો તો ઈ નબળું રહેવાનું. એ ક્યાં શક્તિવાળું? એવું દ્રવ્ય જ ન હોય, દ્રવ્ય જ ન કહેવાય એને.

❀ બહેનશ્રી : દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્. અહેતુક

એટલે અકારણી છે એટલે અહેતુક છે. ઈ પોતે સ્વતંત્ર છે. પોતે પોતાનું કાર્ય કરવામાં સ્વતંત્ર છે. પોતે પોતાના સ્વભાવમાં સ્વતંત્ર છે. એને એવી સ્વતંત્રતા છે, એમ એનું સત્ છે એવી રીતે પણ ઈ સત્ એવી જાતનું નથી કે આખું દ્રવ્ય સત્ ગુણ પર્યાયથી ભરેલું આખું દ્રવ્ય સત્ છે. એવી જાતનું ગુણ, પર્યાય એવી જાતનું સત્ નથી, લક્ષણથી અને કાર્યોથી એવી રીતે એ સત્ છે.

✻ પ્રશ્ન : જે પદાર્થો જુદા સત્ છે, એમ દ્રવ્ય, ગુણ, પર્યાય જુદા સત્ છે?

● ઉત્તર : એવી રીતે ઈ સત્ નથી. જેમ પદાર્થ જુદા સત્ છે. એવી જાતનું સત્ નથી. એના લક્ષણથી એના કાર્યો ઈ બધાના કાર્યો ભિન્ન ભિન્ન છે. ઈ અપેક્ષા એને એમ સત્ કહેવાય.

✻ પ્રશ્ન : એ અપેક્ષાએ જુદા પાડે છે?

● ઉત્તર : એવી રીતે ત્રણ સત્ એવી રીતે જુદા પડે છે. એના લક્ષણ અને કાર્યો એના સ્વયં છે. કોઈ એને કરતું નથી. ઈ સ્વયં એના કાર્યો છે. તો પણ એને દ્રવ્યનો આશ્રય રહે છે. દ્રવ્યની પરિણતિ જે રીતે દ્રવ્યનું લક્ષ, પોતે સ્વભાવ તરફ લક્ષ કરે, દૃષ્ટિ કરે ઈ તરફની પર્યાય પરિણતિ થાય, પર્યાય થાય સ્વતંત્ર પણ એ દ્રવ્યના આશ્રયે એ રહે છે. એમાં દરેકમાં અખંડ દ્રવ્ય જેવું સત્ છે, એમ દૃષ્ટિ કર તો એવી જાતની તારી પરિણતિ થશે. દ્રવ્ય એવું છે કે દ્રવ્ય અનંત ગુણ અને પર્યાયથી ભરેલું છે. દ્રવ્ય એવી જાતનું નથી કે દ્રવ્યમાં કોઈ શક્તિઓ નથી કે દ્રવ્ય કાંઈ કાર્ય કરતું નથી એવું નથી. દ્રવ્યમાં અનંતી શક્તિ, અનંત ગુણો, અને અનંત પર્યાયો છે એમ કહેવા માગે છે. એમ કહીને પદાર્થો જુદા પાડવા માગતા નથી. દ્રવ્યનું સ્વરૂપ બતાવે છે. એમ કરીને દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્ એમ કહીને દ્રવ્યનું સ્વરૂપ બતાવે છે કે ઈ દ્રવ્ય આવી જાતનું છે. ઈ દ્રવ્ય કેવું છે? કે એમાં અનંત ગુણો છે. અનંત પર્યાયો છે. અને ઈ સત્ રૂપે છે. ઈ દ્રવ્ય પોતે જ એવી જાતનું છે એમ કહેવા માગે છે. એમાં

ક્યાંય કટકા કરવા નથી માગતા. પણ ઈ દ્રવ્યનું જ સ્વરૂપ બતાવે છે કે દ્રવ્યમાં જે ગુણો છે ઈ સત્‌રૂપે છે. પર્યાય સત્‌રૂપે છે. સત્‌ એટલે એ અસ્તિત્વ ધરાવે છે, પણ એનું અસ્તિત્વ એવું નથી કે દ્રવ્યનું અસ્તિત્વ અનંત શક્તિઓ અનંત ગુણોથી ભરેલું એવું ગુણનું સત્‌, અને પર્યાયનું સત્‌ એવું નથી. ઈ તો એ-એક પૂરતું છે. ઈ તો એક ગુણ પૂરતું. વળી એક પર્યાય પૂરતું છે. ઈ સત્‌ એવું નથી. એમ દ્રવ્ય સત્‌, ગુણ સત્‌, પર્યાય સત્‌ કહીને ઈ દ્રવ્યનું જ સત્‌ બતાવી રહ્યા છે. લીનતા કરવા બતાવતા નથી પણ એમ દૃષ્ટિ અને એમ પોતાને મહિમા આવે કે આ દ્રવ્ય અનંત ગુણ અને અનંત પર્યાયોથી ભરેલું છે. એમ તું એનું જ્ઞાન કર. યથાર્થ જ્ઞાન કરીને ઈ તરફ એની એ જાતની દૃષ્ટિ અને પરિણતિ પ્રગટ કર, એમ કહેવા માગે છે. બે પદાર્થોથી તું જુદો પડે અને તારામાં અનંત ગુણ અને તારામાં અનંત પર્યાયો છે અને ઈ સત્‌રૂપે છે. તું દ્રવ્ય એવી જાતનો નથી કે એક પિંડલો એમાં કોઈ જાતના કાર્યો નથી. કોઈ એમાં ભિન્ન ભિન્ન જાતની પર્યાયો નથી એમ નથી. તારામાં અનેક જાતની પર્યાયો અને અનેક જાતના ગુણ ભરેલા છે. એનું તું જ્ઞાન કર એમ કહેવા માગે છે. બધા સત્‌ જુદા જુદા છે. એના ભેદ બે કટકા છે એવી દૃષ્ટિ કર એમ કહેવા નથી માગતા. એનું તું જ્ઞાન કર. તારું દ્રવ્ય અનંત ગુણ અને અનંત પર્યાયોથી ભરેલું છે. એ અનંત ગુણ અનંત પર્યાયો સત્‌ રૂપે છે. ઈ સત્‌ તારું દ્રવ્ય જેમ અનંત શક્તિઓથી ભરેલું એવું સત્‌ નહીં પણ એક એક પૂરતું સત્‌ છે. એમ એકએક એક તેમ જ્ઞાન લક્ષણ જાણવાનું. બસ! એક અંશ પૂરતું છે. આખા અંશીનું સત્‌ છે એવું નથી. એ અને અંશનું સત્‌ ઈ સ્વયં સિદ્ધ છે. પણ ઈ દ્રવ્યનું સ્વરૂપ છે દ્રવ્યના આશ્રયે છે. ઈ રાખીને એનું સ્વયં સિદ્ધ સત્‌ એવી રીતે સમજવું.

*** પ્રશ્ન : ત્રણે થઈને એક સત્‌ છે. એવું સ્વરૂપ છે પરદ્રવ્યથી જુદો પણ તારામાં પર્યાયો છે. દ્રવ્ય બે દ્રવ્યો જુદા દ્રવ્ય સત્‌ ગુણ સત્‌**

પર્યાય સત્ એનું જ્ઞાન કરાવીને પર્યાયનું લક્ષ છોડાવવું છે. અને દ્રવ્યની દૃષ્ટિ કરાવવી છે ?

● ઉત્તર : એમ તો પરદ્રવ્યથી જુદો પણ તારામાં પર્યાયો છે. તું કૂટસ્થ નથી પણ તારામાં પણ પર્યાય છે તારી પરિણતિને ફેરવ. તારામાં પર્યાય છે. તારામાં ગુણો છે એમ. પોતાના સ્વગુણ અને સ્વ પર્યાયનું એમાં એનું જ્ઞાન થાય છે. તારી પરિણતિ સ્વભાવ છે તું પલટન સ્વરૂપ છે. એવો નથી કે કૂટસ્થ એવો એકલો, એકલો કૂટસ્થ અને એમાં કાંઈ છે જ નહીં. સર્વ અપેક્ષાએ કૂટસ્થ છે એવું નથી. તારામાં પરિણતિ પર્યાય પણ છે અને એ પર્યાય સત્ રૂપે છે. તારામાં અનંતા ગુણો છે એમ. દ્રવ્ય સત્, ગુણ સત્, પર્યાય સત્, એ બધું જ્ઞાન કરીને દૃષ્ટિ તો અભેદની કરવાની છે કે મારો તો જ્ઞાનસ્વભાવ છે. તારું દ્રવ્ય અખંડ કેવું છે? એનું તું જ્ઞાન કર એમ. પર્યાયદૃષ્ટિ છોડીને—પર્યાય તરફથી દૃષ્ટિ છોડીને દૃષ્ટિ પોતાના તરફ જાય એટલે પર્યાય પોતા તરફ વળે.

* પ્રશ્ન : દૃષ્ટિ પોતા તરફ જાય એટલે દ્રવ્યનું લક્ષ રહે ને પર્યાયનું લક્ષ છૂટે છે ?

● ઉત્તર : દ્રવ્ય તરફના લક્ષ જાય એને પર્યાયનું લક્ષ છૂટે છે. કેટલાક એકલું એમ દ્રવ્ય કાંઈ કૂટસ્થ માનતા હોય, દ્રવ્યમાં કાંઈ ગુણો નથી એવું માનતા હોય, ઈ બધા અખંડ અનેકાંત સ્વરૂપ આવી જાય છે. તારામાં ગુણ અનંતા છે. તારામાં પર્યાયો અનંતી છે. ઈ બધાનું બધું જ્ઞાન કર. પર્યાય ન હોય તો સાધક દશા પણ ન હોય, તો સાધક દશા ઈ પર્યાય છે અને ગુણોનું વેદન થાય છે. જ્ઞાનનું જ્ઞાનરૂપે, ચારિત્રનું ચારિત્રરૂપે, આનંદનું આનંદ રૂપે ઈ બધું વેદન થાય છે. માટે તારામાં ગુણો છે. પર્યાયો છે અને બધું સત્ રૂપે છે. બધું જ્ઞાન કરવા માટે છે અને એમાં પરિણતિ ઈ રૂપે પોતાના પુરુષાર્થની પરિણતિ પણ ઈ પ્રમાણે થાય છે. દૃષ્ટિ ને જ્ઞાન યથાર્થ ન હોય તો એનો પુરુષાર્થ પણ યથાર્થ હોતો નથી. દ્રવ્ય ઉપર અખંડ

દૃષ્ટિ કર પણ ગુણો અને પર્યાયના ભેદ ઉપર રોકાવાનું નથી પણ એનું જ્ઞાન કર તને ચારિત્રની પર્યાય પ્રગટે ઈ એ પણ પર્યાય છે. તારે જ્ઞાન પ્રગટે ઈ પણ એક પર્યાય છે. પણ ઈ બધા ગુણો છે તારામાં.

✻ પ્રશ્ન : અખંડ વસ્તુમાં એકલો આનંદ સ્વભાવ રહેલો છે ને તારામાં પર્યાયરૂપી સત્‌ પણ?

● ઉત્તર : પર્યાયરૂપી સત્‌ પણ તારા દ્રવ્યમાં બધું રહેલું છે. એનું જ્ઞાન કર એમ, જ્યાં શ્રદ્ધા પ્રગટી જાય. સ્વાનુભૂતિ થાય, તો પણ ચારિત્રદશા હજી બાકી રહે છે. માટે ગુણોના ભેદો પડે છે. પર્યાયના ભેદો પડે છે. એમ બધું જ્ઞાન કર.

✻ પ્રશ્ન : બધાને જેમ છે એમ તું જાણ?

● ઉત્તર : જેમ છે એમ તું જાણ. તો તને વીતરાગ દશાની પ્રાપ્તિ થાશે. તો તારી સાધક દશા આગળ વધશે. દૃષ્ટિ થઈ એટલે બધું પરિપૂર્ણ થઈ ગયું એમ નથી. તારી દશા હજી અધૂરી છે. વીતરાગદશાની પ્રાપ્તિ-પૂર્ણતા હજી બાકી છે. દૃષ્ટિ ભલે પૂર્ણ ઉપર છે. પણ હજી અધૂરી છે.

✻ પ્રશ્ન : (સમજાતો નથી)

● ઉત્તર : એટલે એમ કે જેવું દ્રવ્ય સત્‌ છે એવા ગુણ અને પર્યાય એવી જાતનું સત્‌ નથી એટલે એવું સત્‌ નથી. એટલે એક જ સત્‌ છે. ઈ અપેક્ષા એક જ થઈ જાય. એના લક્ષણરૂપે અને કાર્યરૂપે જે શાસ્ત્રમાં આવે છે એના અસ્તિત્વ ધરાવે છે. ગુણ અને પર્યાય એમ અસ્તિત્વ ધરાવે છે, માટે સત્‌ એમ.

✻ પ્રશ્ન : ઈ અપેક્ષાએ શાસ્ત્રમાં કહ્યું છે કે ગુણ સત્‌, પર્યાય સત્‌ ?

● ઉત્તર : ઈ એનું અસ્તિત્વ ધરાવે છે સત્‌, ગુણ અને પર્યાયે. બાકી દ્રવ્ય ગુણ, પર્યાય થઈને આખું દ્રવ્ય બાકી દ્રવ્ય જે અખંડ છે, સત્‌ છે. ગુણ પર્યાય એવા સ્વતંત્ર સત્‌ નથી જગતમાં એમ.

❀ બહેનશ્રી : દ્રવ્ય અવ્યક્ત નથી પણ દ્રવ્ય તો વ્યક્ત જ છે.

પોતે એના ઉપર દૃષ્ટિ કરતો નથી. અવ્યક્ત લાગે છે. અનાદિની દૃષ્ટિ પર તરફ છે. એટલે જાણે બીજું બધું દેખાય એને પોતે પોતાને દેખતો નથી, અવ્યક્ત નથી, પોતે જ છે. અવ્યક્ત ક્યાંથી હોય? દ્રવ્ય અવ્યક્ત નથી. એને ભ્રાંતિને લઈને દેખાયો નથી એટલે અવ્યક્ત જ છે. પોતે જ છે. પોતે પોતાથી છાનો કેમ રહે? પોતે પોતાથી છાનો નથી, પોતે જ છે. જ્ઞાયક પોતે જ છે. બીજો નથી. પોતે પ્રગટ જ છે. પોતે પાતોને દેખતો નથી એના જેવી વાત છે કે પોતે પોતાને 'હું મને દેખતો નથી.' એના જેવું. પોતે જ છે જાણનારો. આ બધું જાણી કોણ રહ્યું છે? જે જે કાર્યો થાય, જે જે વિકલ્પ આવે, જે જે પ્રસંગ ને ગયા કાળે અને આ વર્તમાનમાં ભવિષ્યમાં જે જે પ્રસંગો બને એની જે પોતાની અંદર સ્મરણ યાદ બધું રહે છે. બધું કોણ? એની અસ્તિ પોતે જ ધરાવે છે. ઈ કોણ છે? બીજું બધું તો વહ્યું જાય છે. બહારથી બધું પલટી જાય છે. પોતે જ શાશ્વતો રહે છે. ઈ પોતે જ છે. જાણનારો એમ ને એમ જાણનારની દોરી એમ ને એમ ચાલુ રહે છે. ઈ પણ એક પછી એક પર્યાયને ગ્રહણ નહીં કરે તો એમાં જે શાશ્વતો છે ઈ જ પોતે છે. ભ્રાંતિને લઈને ભૂલી ગયો છે. 'હું મને દેખાતો નથી.' જાણનારો પોતે જ છે. પોતાની શંકા કરે એ અચરજની વાત છે. પોતે પોતાને ભૂલી ગયો છે.

*** પ્રશ્ન : પોતાની હયાતીનો તો ખ્યાલ લઈ શકે છે 'હું છું ને? ક્યાં નથી?' ઈ ક્યાં વાત છે. જેવો ભગવાન કહે છે એવો મૂળ સ્વરૂપે વ્યક્ત નથી જણાતો એટલે એમ કે અવ્યક્ત છે એમ જોવા જાય છે ?**

● ઉત્તર : ભગવાન કહે છે એવો નથી જણાતો પણ 'પોતે છે' એનું અસ્તિત્વ જણાય તો પછી એને વિચાર કરીને પહેલા નિર્ણય કરે જે ભગવાન કહે છે એનું પોતે વિચાર કરીને નક્કી કરે તો એની પ્રતીતિ આવે. પોતે વિચાર કરીને નક્કી કરવું પડે. પહેલાં તો કાંઈ એની પોતે એમાં પુરુષાર્થ કર્યા વગર કાંઈ અનુભૂતિરૂપે

જણાતો નથી. પહેલાં તો એને વિચારથી પ્રતીત કરવી પડે છે. પહેલાં આગમથી, ગુરુદેવ કહે ઈ પ્રમાણે, યુક્તિથી, દલીલથી, પોતે વિચારીને પોતાને અમુક પ્રકારના સ્વભાવ જ્ઞાન સ્વભાવ છે આ છે. અનાદિ આ જ્ઞાન શાશ્વત છે, એમ પોતે યુક્તિના આલંબનથી, ગુરુદેવના ઉપદેશથી, આગમથી નક્કી દૃઢ પોતે કરે પછી આગળ જઈ શકે. પહેલાં તો એને યુક્તિનો, આગમ અને ગુરુદેવની પ્રત્યક્ષ વાણી, એના દ્વારા ઈ આગળ જાય છે અને પોતાનું અસ્તિત્વને મેળવે પોતાના અમુક ગુણ દેખાય. જ્ઞાન સ્વભાવ જે અસાધારણ છે ઈ લક્ષમાં આવે એવું છે. એને ખ્યાલમાં લઈને, નક્કી કરીને પ્રતીત કરીને પણ એવી પ્રતીત કરીને એને યુક્તિનું આલંબન એવું આવે કે દૃઢ આલંબન કોઈએ ડગાવ્યો ડગે નહીં. એવું દૃઢ આલંબન એને આવી જાય છે. પછી આગળ જાય, ગુરુદેવે કીધું ઈ, આગમમાં અને ભગવાન કહે છે એનું આલંબન લઈને પછી પોતે પોતાની પરીક્ષા દ્વારા પણ એને દૃઢ થાય જે કોઈથી તૂટે નહીં એવી યુક્તિ પોતે સ્વથી પોતાના અમુક સ્વભાવ મેળવીને નક્કી કરે, પહેલાં તો કાંઈ દેખાઈ જાતો નથી. પહેલાં તો એને મહાપુરુષના આલંબન લઈને પરીક્ષા કરીને જ નક્કી કરવાનું છે. ગુરુદેવ કહે છે ને ક્યાંક તારે પૈસા મૂકવા હોય તો દુકાનદારને પોતે અમુક લક્ષણોથી નક્કી કરે કે આ બરાબર આની પેઢી ચાલે છે ને તો એનું બધું જે હોય ઈ કાંઈ પહેલા એમ દેખાડી ન દે એમ એ પોતે લક્ષણોથી નક્કી કરે. પછી એનો જે ચૈતન્યનો વૈભવ છે ઈ તો પોતે અંદર જાય ત્યારે એને દેખાઈ આવે છે, ને આનાથી અવ્યક્ત પર્યાયથી અવ્યક્ત માટે અવ્યક્ત બધી રીતે દ્રવ્યને અવ્યક્ત કીધો પણ તો પણ ઈ સ્વાનુભૂતિમાં આવી શકે એવું છે.

**✻ પ્રશ્ન : પ્રયોજનભૂત પદાર્થો છે એમાં છ દ્રવ્ય આવી જાય છે. છ દ્રવ્યમાં જે ચાર દ્રવ્ય છે બીજા એટલે ધર્મ, અધર્મ, આકાશ અને કાળ–તે પ્રયોજનભૂત કેવી રીતે છે? પોતે એમ જુએ એમાં**

આત્મા કાંઈ પહેલાં નથી દેખાતા એને પ્રયોજનભૂત તો ગણવામાં તો આવે છે ને ?

● ઉત્તર : છ દ્રવ્ય લોકમાં તો છે. પણ અંદર ભેદજ્ઞાન કરવાની અંદર તો આ પુદ્ગલ, જડ ચૈતન્યનું ભેદજ્ઞાન અને ઈ પ્રયોજનભૂત તો ઈ છે. ઈ તો જાણવાની વાત છે. છએ દ્રવ્ય છે ઈ. ઈ કાંઈ એને દેખાતું નથી. જડ તો આ દેખાય છે ને ચૈતન્યનો સ્વભાવ જુદો. ચૈતન્યને જડ બેય જુદા. ભેદજ્ઞાન કરવામાં એની જરૂર પડે છે. બાકી પ્રયોજનભૂત જ્ઞાન તો બધાનું કરવું. ભગવાને છ દ્રવ્ય જોયા છે જગતની અંદર (પુદ્ગલની). એટલે જ્ઞાન તો બધાનું કરવું પણ એમાં ભેદજ્ઞાનમાં તો આ જડ અને ચૈતન્ય જ મુખ્યપણે. એમાં ઈ છએ આવી જાય છે ભેગા. એનું ભેદજ્ઞાન બધું આવી જાય છે. કેટલાક એમ કહેતા હોય ને કે જગતમાં એક જ દ્રવ્ય છે એમ નથી. ભગવાને આ છ દ્રવ્ય જોયા છે. માટે એનું જ્ઞાન કરવું પ્રયોજનભૂત છે. બાકી ઈ કાંઈ પોતાને ઈ ભેદજ્ઞાન કરે એટલે એમાં ઈ વચ્ચે પોતાને ઈ કાંઈ નજરે દેખાય એવું કાંઈ નથી. ઈ તો જ્ઞાન કરવાની વાત છે. બાકી જડ ચૈતન્યના ભેદ પડે એમાં ભેગા ઈ આવી જાય છે. હા! ઈ અજીવમાં આવી જાય છે ભેગું. ઈ તો અરૂપી દ્રવ્ય છે ઈ કાંઈ દેખાતા નથી પોતાને. ભગવાનના જ્ઞાનમાં આવ્યું છે માટે ઈ જ્ઞાન પોતે જ્ઞાન કરવું એ પ્રયોજનભૂત એમ છે. એનું જ્ઞાન કર.

* ભક્તિ : છ દ્રવ્યમય આ લોકમાં સપ્તમ દ્રવ્ય હું. અહો, હો-

* પ્રશ્ન : આજના અલિંગગ્રહણ ઉપરના પ્રવચનમાં એમ કીધું છે, ગુણ સામાન્ય, દ્રવ્ય, ગુણ સામાન્ય છે પર્યાય વિશેષ છે. આપણે ગુણને પણ વિશેષ લઈએ છીએ, કઈ અપેક્ષાએ ?

● ઉત્તર : કોઈ અપેક્ષાએ દ્રવ્ય અને ગુણ સામાન્ય કહેવાય. એને પર્યાય વિશેષ, કોઈ અપેક્ષાએ ગુણને પણ વિશેષ કહેવાય છે ગુણને ભેદ અપેક્ષાએ વિશેષ કહેવાય. દ્રવ્યમાં ભેદ ન પડે. ગુણ એક એક ગુણ જુદો-જ્ઞાન, દર્શન, ચારિત્ર એમ ભેદ અપેક્ષાએ વિશેષ

કહેવાય અને પર્યાયને વિશેષ પર્યાય ભેદ પડે. પલટતી પર્યાય છે માટે એને વિશેષ કહેવાય પણ ગુણ અને દ્રવ્ય બેયને સામાન્ય પણ કહેવાય.

✻ પ્રશ્ન : અનંત ગુણાત્મક દ્રવ્ય લઈએ તે સામાન્ય ?

● ઉત્તર : અનંત ગુણાત્મક દ્રવ્ય ગુણ અનાદિ અનંત છે. પર્યાય તો બદલાય છે. એટલે ગુણ અને દ્રવ્ય બેયને સામાન્ય કહેવાય. પર્યાયને વિશેષ કહેવાય અને ભેદ અપેક્ષાએ ગુણને પણ વિશેષ કહેવાય અને દ્રવ્યને સામાન્ય કહેવાય. (દ્રવ્ય સામાન્યમાં ભેદ?) દ્રવ્ય સામાન્ય એક લઈને એમાં ગુણ ભેગા આવી જાય. કોઈને ગુણના ભેદ અપેક્ષાએ એને વિશેષ કહેવાય. બાકી બેય અનાદિ અનંત છે એટલે બેયને સામાન્ય કહેવાય છે. દ્રવ્ય અભેદ છે અને ગુણો દ્રવ્ય સાથે અભેદ છે અને અનાદિ અનંત છે. દ્રવ્યને વિષય કર એમાં ગુણ બધા અભેદપણે આવી જાય. પર્યાય પલટતી છે માટે પર્યાય વિશેષ છે.

✻ પ્રશ્ન : ગુણ વિશેષ પ્રગટતો નથી છતાં ભેદની અપેક્ષાએ એને વિશેષ ગુણ છે ?

● ઉત્તર : પ્રગટ ભલે નથી પણ ઈ ભેદની અપેક્ષાએ, ભેદ. પર્યાય પ્રગટ થાય, એટલે વિશેષ કહેવાય ભેદની અપેક્ષાએ, એક એક ગુણ જ્ઞાન, દર્શન, ચારિત્ર એમ વિશેષ છે ને દ્રવ્ય તો એક સામાન્ય લેવો ને ગુણના ભેદ પડે. આ જ્ઞાન છે, આ દર્શન છે કે આ ચારિત્ર છે, આ બળ છે. એમ ભેદ પડે માટે વિશેષ.

✻ પ્રશ્ન : ભેદ અપેક્ષાએ દ્રવ્યમાં તો અનંત ગુણાત્મક કહીએ ત્યારે સામાન્ય છે ?

● ઉત્તર : ત્યારે દ્રવ્ય તો એકરૂપ દ્રવ્ય છે અનંત ગુણાત્મક એક દ્રવ્ય છે. ગુણો જુદા જુદા કટકા નથી પણ એક દ્રવ્યનું સ્વરૂપ છે માટે એકરૂપ છે. દ્રવ્યની સાથે ગુણો એકરૂપ છે. માટે એકરૂપ લઈએ તો સામાન્ય છે. પણ એને લક્ષણ અપેક્ષાએ જુદું પડે માટે

એને વિશેષ કહેવાય. આંબો (કેરી) લ્યો તો એમાં બધા એના ગુણો બધા છે. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ બધું એમાં સમાઈ જાય છે. માટે એક અભેદ ગુણને જુદા ન પાડો. તો એક (આંબો) પણ એના રંગ, ગુણને બધું જુદું પાડે ને રસ માટે એટલે ગુણ પણ વિશેષ છે. પણ પછી એની પર્યાયો ખાટો અને મીઠો ને ધોળો ને લીલો ને પીળો ઈ એની પર્યાયો, એની પરિણમન એ એની પર્યાયો, આંબાનું જે પરિણમન એ એની પર્યાયો. એમ (આત્મામાં) જ્ઞાન, દર્શન, ચારિત્ર એમ લેવું.

✻ પ્રશ્ન : 'દ્રવ્યે ન ખંડામિ, સિદ્ધે ન ખંડામિ' ગુણ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં છેલ્લે આચાર્યદેવ પછી 'કાળે ન ખંડયામિ, ભાવે ન ખંડામિ', સર્વવિશુદ્ધજ્ઞાન ચૈતન્યભાવ છું. ત્યાર પછી ૨૭૧મા કળશમાં રાજમલજીની ટીકા આવે છે કે છ દ્રવ્યને જાણવું સહેલું છે. બહુ સરસ પંડિતજીએ કાલ બહુ ખુલાસો કર્યો. છ દ્રવ્યને જાણવું છે એટલે.

● ઉત્તર : છ દ્રવ્યને જાણવું એટલે જ્ઞાનથી હું જ્ઞાયક નહીં, હું તો સ્વયં જ્ઞાયક છું કે બહારનું છ દ્રવ્યને જાણવું એટલે જ્ઞાયક નહીં. હું તો સ્વયં જ્ઞાયક જ છું. જ્ઞાયક ઉપર દૃષ્ટિ કરવાની છે. હું શુદ્ધ સ્વરૂપ જ્ઞાયક, હું જ્ઞાયક સ્વરૂપ આત્મા જ છું. બહાર જ્ઞેયને જાણ્યા એટલે જ્ઞાયક એમ નહીં. હું તો જ્ઞાયક જ છું. હું તો એક અખંડ ચૈતન્ય દ્રવ્ય છું. દ્રવ્ય, ગુણ, પર્યાય ઈ બધાના ગુણ ભેદ પર્યાય, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ઈ બધાના ભેદ જુદા. હું એક અખંડ દ્રવ્ય જ્ઞાયક છું. દ્રવ્યદૃષ્ટિમાં કોઈ જાતના ભેદ એમાં છે નહીં. લક્ષણ ભેદ છે પણ વસ્તુ ભેદે એમાં ભેદ નથી હું એક ચૈતન્ય દ્રવ્ય છું.

✻ પ્રશ્ન : પર્યાયમાં પરિપૂર્ણતા પ્રગટવા છતાં શક્તિમાં કાંઈ પણ હાનિ વૃદ્ધિ થતી નથી ?

● ઉત્તર : શક્તિમાં કાંઈ હાનિ વૃદ્ધિ થતી નથી. પર્યાયમાં પૂર્ણ થઈ ગયો. કેવળજ્ઞાન થાય છે, પણ એમાં શક્તિમાં હાનિ વૃદ્ધિ થતી નથી અને વિષય પરિપૂર્ણ દ્રવ્યદૃષ્ટિએ વિષય કર્યો કે 'હું પૂરો છું'

માટે શક્તિમાં કાંઈ હાનિ વૃદ્ધિ થતી નથી. શક્તિ તો એને જે દ્રવ્ય શ્રદ્ધા કરે, દૃષ્ટિ કરે એટલે કાંઈ શક્તિમાં હાનિ વૃદ્ધિ થતી નથી. વસ્તુ તો જેમ છે એમ છે. એની ઉપર દૃષ્ટિ કરી એને શ્રદ્ધા કરે કે 'આ હું શાશ્વત દ્રવ્ય છું'. આ જે વિભાવ આદિ પર્યાયો તે મારું સ્વરૂપ નથી. મારો સ્વભાવ જુદો છે. એમ એને શ્રદ્ધા કરી, એવું જ્ઞાન કર્યું. અંશે લીનતા કરી એટલે કાંઈ એ એની શક્તિમાં કાંઈ થયું એમ નથી. ઈ તો જેમ છે એમ છે. ઈ તો અનાદિ અનંત શાશ્વત જે વસ્તુ છે એમ છે. ઈ પરિપૂર્ણ છે. એનાથી એમાં કાંઈ હાનિ વૃદ્ધિ થતી નથી.

**✻ પ્રશ્ન : પર્યાયોની પરિપૂર્ણતા ક્યાંથી આવે છે ?**

● ઉત્તર : પરિપૂર્ણતા આવે છે એ દ્રવ્યના આશ્રયે આવે છે. પણ ઈ તો પર્યાયની પરિપૂર્ણતા છે. દ્રવ્ય તો અનંત પરિપૂર્ણ જ છે, ભર્યુ પડ્યું જ છે, પર્યાયની પરિપૂર્ણતા આવે છે. જે જાતનો સ્વભાવ હોય ઈ જાતની પ્રગટ થાય છે. પર્યાય તો પલટતી છે અને દ્રવ્ય તો શાશ્વત છે.

**✻ પ્રશ્ન : એવા પદાર્થમાં બે છૂટા છૂટા અંશો છે કે એક એમ ને એમ રહે અને એકમાં ફેરફાર થયા કરે ?**

● ઉત્તર : બે છૂટા અંશોમાં એકનો સ્વભાવ જુદો છે કે જે શાશ્વતો છે. દ્રવ્ય શાશ્વત છે અને પર્યાય પલટતી રહે છે. એવા બે ભાગ એટલે તદ્દન જુદા ભાગ નથી. એ દ્રવ્યનું જ સ્વરૂપ છે. દ્રવ્ય, ગુણ, પર્યાય ઈ પણ દ્રવ્યનું સ્વરૂપ જ છે. એના સ્વભાવ જુદા છે. એક શાશ્વતો રહેનાર છે અને એક પલટે છે. એવા અનંત ગુણ, પર્યાયથી ભરેલું આત્માનું સ્વરૂપ છે. એક સ્વરૂપ નથી. એક સ્વરૂપ હોય તો શ્રદ્ધા થાય, તો ભેગું બધું થઈ જાવું જોઈએ. શ્રદ્ધાની સાથે ચારિત્ર, કેવળજ્ઞાન બધું શ્રદ્ધાની સાથે થઈ જાય. એક જ જાતનું બધું એક જ હોય. અનંત ગુણથી ભરેલો આત્મા છે. પર્યાયની શુદ્ધિ બાકી રહી જાય છે.

✽ પ્રશ્ન : એક જ સમયે આખું દ્રવ્ય શુદ્ધ છે અને આખામાં પાછો અશુદ્ધિનો ભાવ ?

● ઉત્તર : એક જ સમય અશુદ્ધિ આખા બધાય દ્રવ્યમાં, દ્રવ્યમાં દ્રવ્યદૃષ્ટિમાં આખામાં અશુદ્ધતા એવી નથી. પર્યાય દૃષ્ટિએ છે. પર્યાય દૃષ્ટિએ અશુદ્ધિ પણ દ્રવ્યમાં જે છે વસ્તુ જે તળમાં પડેલી છે, એ બધું જ આવીને પર્યાયરૂપ થઈ ગયું અને પાછળ કાંઈ ન રહ્યું એવું નથી. (અક્ષય ભંડાર!) હા અક્ષય ભંડાર છે એમાંથી ખૂટતું જ નથી. એમાં ભરેલું જ છે. ખૂટતું નથી એમાંથી. પર્યાય ગમે એટલી પલટ્યા જ કરે, એમાંથી આવ્યા જ કરે તો પણ ખૂટતું નથી. આખો ભંડાર ભરેલો છે. અનંત આનંદ પ્રગટે કેવળજ્ઞાનીને તો પણ અનંતકાળ સુધી પરિણમ્યા કરે તો યે ખૂટતું નથી. લોકાલોકનું જ્ઞાન થાય એક સમયમાં, લોકાલોકને જાણે છે. તો પણ ઈ પાછા બીજા સમયે લોકાલોકને જાણવાની પર્યાય પરિણમ્યા જ કરે છે. બધું જાણ્યું એટલે પર્યાય એને પૂરી થઈ ગઈ એટલે બીજે સમય શું આવશે? એવું નથી. પરિણમન થયા જ કરે છે. પલટ્યા જ કરે છે. એમાંથી ખૂટતું જ નથી. ભંડાર ભરેલો છે.

✽ પ્રશ્ન : ભંડાર નિરાવરણ છે કે એને કંઈ આવરણ ખરું ?

● ઉત્તર : નિરાવરણ છે. આવરણ નથી કોઈનું. અનાદિથી છે એમાં પણ આવરણ નથી. તો પ્રગટમાં તો ક્યાં આવરણ છે ? શક્તિરૂપે આવરણ નથી. દ્રવ્ય અપેક્ષાએ આવરણ નથી. પર્યાય અપેક્ષાએ છે.

✽ પ્રશ્ન : શક્તિ કહીએ ઈ નિરાવરણ જ છે ?

● ઉત્તર : નિરાવરણ છે. નિરાવરણ અખંડ એક વસ્તુ છું. કોઈ આવરણ નથી.

✽ પ્રશ્ન : સમ્યક્દર્શનમાં એના દર્શન થતાં હશે ? શક્તિના ?

● ઉત્તર : સમ્યક્દર્શનમાં એનું પર્યાયનું વેદન થાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે. પર્યાયનું વેદન છે. અનંત ગુણનો ભંડાર આત્મા એને

નિર્મળ પર્યાયોનું વેદન થાય છે. એને દર્શન થાય છે. ચૈતન્યદેવના દર્શન થાય છે. (એ શક્તિરૂપ?) પ્રગટરૂપ જે સમ્યક્દર્શનમાં દર્શન થાય છે, એમાં પર્યાયમાં જે સ્વાનુભૂતિની પર્યાય પ્રગટ થાય છે એમાં દર્શન થાય છે એમાં દ્રવ્ય અને પર્યાય બેય જુદા નથી. એમાં આત્માના દર્શન ત્યાં ભેગું આવી જાય છે.

* પ્રશ્ન : નિરાવરણ હોય તો પછી પર્યાયની અશુદ્ધતા એને સ્પર્શી ન જાય ?

● ઉત્તર : સ્પર્શી જાતી નથી. નિરાવરણ જ રહે છે. પર્યાયમાં અશુદ્ધતા રહે છે. કોઈ સ્ફટિક નિર્મળ છે એમાં લાલ પીળું થાય તો એમાં લાલ પીળું અંદર મૂળ એના તળમાં પેસી જાતું નથી. (એવો જ (શ્રોતા) એવો અચિંત્ય છે) એનો સ્વભાવ જ છે એ વસ્તુનો.

* પ્રશ્ન : આત્માની પર્યાય છે ને ? પર્યાયથી અશુદ્ધ છે ?

● ઉત્તર : ઈ પર્યાય અપેક્ષાએ શુદ્ધ નથી, પર્યાય તો અશુદ્ધ થાય છે.

* પ્રશ્ન : એમાંથી આવતું હોય તો અદ્ધરથી ન આવેને. (પ્રશ્ન સંભળાતો નથી)

● ઉત્તર : એક ગુણની અંદર બધા આવી જાય છે. એટલે કે બધા એક સાથે જ રહેલા છે. એક ગુણ છે એમાં બધા આવી જાય. એક જ્ઞાન છે એમાં જ્ઞાન, દર્શન, ચારિત્ર બધું આવી જાય છે. અભેદપણે બધું જ આવી જાય છે. ભેદ અપેક્ષાએ જુદું છે એને અભેદ અપેક્ષાએ એક છે. અદ્ધરથી ન આવે.

* ભક્તિ : ત્રિકાળી શુદ્ધ ધ્રુવ અહો!

❀ બહેનશ્રી : એક ગુણની અંદર બીજા બધા રૂપ આવી જાય છે કે ચૈતન્ય, જ્ઞાન, દર્શન, ચારિત્ર, જ્ઞાનમાં દર્શનનું રૂપ, ચારિત્રનું રૂપ, વીર્યનું રૂપ બધું એમાં આવી જાય છે. ગુણ અપેક્ષાએ, ભેદ અપેક્ષાએ જુદા છે. બાકી અભેદ અપેક્ષાએ એકમાં બધાના રૂપ આવી જાય છે. અભેદ એક દ્રવ્યમાં બધા ગુણો છે. બધી શક્તિઓ,

ગુણો ચૈતન્યમાં છે. એટલે તદ્દન ભેદ નથી માટે એકમાં બધાનું રૂપ છે. અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ બધું આવેલું છે. ગુણ બધા આવી જાય છે. એમાં જ્ઞાનમાં, શ્રદ્ધા ચારિત્ર, સ્થિરતા બધું જ્ઞાનમાં આવે છે. શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્ર બધું એક અનંત ગુણનું ગૂંથાયેલું એક દ્રવ્ય છે. એમાં બધાના ભેદ આવી જાય છે.

✻ પ્રશ્ન : ગુણભેદથી જુઓ તો જુદું છે. બાકી તો અભેદ જ છે. એક દ્રવ્ય જ છે?

● ઉત્તર : ગુણભેદથી જુઓ તો જુદું છે. દ્રવ્ય તો અભેદ છે. કટકા નથી પડતા. જ્ઞાન જુદું, દર્શન જુદું, ચારિત્ર જુદું એમ બધું જુદું જુદું નથી. એ વસ્તુ નથી. ઈ તો અવસ્તુ થઈ જાય એવા કટકા કરે તો તો. બધું એકમાં છે. 'સર્વ ગુણાંશ તે સમ્યક્‌દર્શન', એ સમ્યક્‌દર્શન એની સાથે બધા ગુણોનું પરિણમન ભેગું જ છે. એક દિશા ફરી જાય ને એક દ્રવ્ય ઉપર દૃષ્ટિ પડતાં શ્રદ્ધા ફરે અને એની સાથે જ્ઞાન, દર્શન, ચારિત્ર ઈ તરફ દિશાએ વળ્યા શુદ્ધતારૂપે અનંત ગુણ સર્વ ગુણ જે શુદ્ધ થયા જે જે શુદ્ધ થવા યોગ્ય થયા. તે શુદ્ધ થયા. પરિણમનરૂપે ભેદ છે. શ્રદ્ધાગુણ શ્રદ્ધારૂપે, જ્ઞાનગુણ જ્ઞાનરૂપે, ચારિત્ર ચારિત્રરૂપે એના વેદનમાં આવે છે. કારણ કે શ્રદ્ધા એક પ્રગટ થઈ એની સાથે એવી રીતે જો અભેદ ન હોય તો શ્રદ્ધા થઈ એની સાથે કેવળજ્ઞાન અને ચારિત્ર બધું પૂર્ણ થવું જોઈએ. એ પ્રગટ નથી થતું. એક શ્રદ્ધાગુણ પ્રગટ થાય, તો એમાં ચારિત્ર પ્રગટ નથી થતું એટલે એને એ તો એના લક્ષણ અપેક્ષાએ, કાર્ય અપેક્ષાએ કોઈ અપેક્ષાએ ભેદ છે, બાકી બધું એકમાં સમાયેલું છે. અક્રમ હોવા છતાં એક સરખું થાતું નથી. ક્રમ પડે છે. ચારિત્ર થતાં વાર લાગે છે. શ્રદ્ધાની સાથે બધું કેવળજ્ઞાન નથી થઈ જતું. એટલે એવી જાતની એને સ્વાનુભૂતિ પ્રગટ નથી થાતી કે કેવળજ્ઞાનરૂપે પરિણમી જાય એવી નથી થતી. પહેલા અંશ પ્રગટે, અંશે લીનતા થાય એમાં સ્વરૂપાચરણ ચારિત્ર અને વીતરાગદશા થાય ત્યારે કેવળજ્ઞાન થાય.

એક વખતે એક ગુણ પૂર્ણ હોવા છતાં એના કાર્ય થયે એના વેદનમાં, એના કાર્યમાં કોઈ અપેક્ષાએ ભેદ છે, ભેદ છે ઈ લક્ષણ ભેદ નથી. ઈ કાર્ય ભેદ છે, ભેદ એવા નથી કે વસ્તુના ભેદ થઈ જાય, એની વસ્તુની કોઈ એવી અદ્‌ભૂતતા છે. એક બાજુથી જુએ તો પર્યાય દેખાય, એક બાજુથી જુએ તો અનંત ગુણથી ભરેલો એક ચૈતન્ય દ્રવ્ય, એક અખંડ એમાં અનંત ગુણોના કાર્યો દેખાય. એક બાજુ વેદન એવી કોઈ અદ્‌ભુત વસ્તુ છે. અનેક ધર્મોથી ભરેલી વસ્તુ છે. અનેકાંતમયી મૂર્તિ નિત્યમેવ પ્રકાશે છે. અનેકાંત ધર્મોથી ભરેલી મૂર્તિ છે.

✻ પ્રશ્ન : દ્રવ્ય અને પર્યાય વચ્ચે શું ભેદ આત્માની ?

● ઉત્તર : દ્રવ્ય તો શાશ્વત છે. પર્યાય તો એક અંશ છે. પર્યાય દ્રવ્યની જ છે. કાંઈ બીજાની નથી. ચૈતન્યની પર્યાય ચૈતન્યના આશ્રયે હોય છે અને એક અંશ છે તે પલટાય છે અને દ્રવ્ય પોતે એક સરખું રહે છે. અને અંશ, અંશીનો ભેદ છે. બાકી કાંઈ એવો ભેદ નથી કે બીજું દ્રવ્ય હોય, એવો ભેદ નથી. અંશ અંશીનો ભેદ છે.

✻ પ્રશ્ન : આત્મામાંથી જ ઉત્પન્ન થાય પર્યાય ? પર્યાય આત્મામાંથી જ ઉત્પન્ન થાય ?

● ઉત્તર : પર્યાય આત્માના આશ્રયે જ ઉત્પન્ન થાય છે. હા આત્માના આશ્રયે. વિભાવ પર્યાય પોતે પુરુષાર્થની મંદતાએ થાય અને શુદ્ધ પર્યાય પણ આત્માના આશ્રયે જ થાય છે. ઠેઠ સુધી પર્યાય હોય છે. શુદ્ધ ઉપયોગમાં પણ શુદ્ધ પર્યાય હોય છે. નિર્વિકલ્પ દશામાં પણ શુદ્ધ પર્યાય હોય છે. કેવળજ્ઞાન પણ પર્યાય છે. પર્યાય ઠેઠ સુધી હોય જ છે. સિદ્ધ દશામાં પણ પર્યાય હોય છે.

✻ પ્રશ્ન : રાગથી સંપૂર્ણ ભિન્ન ?

● ઉત્તર : રાગથી ભિન્ન છે. રાગથી એનો સ્વભાવ જુદો છે. રાગ આત્માના સ્વરૂપમાં નથી. સ્વભાવ છે. રાગથી જુદો રાગથી સંપૂર્ણ ભેદ છે. સ્વભાવ ભેદ-અત્યંત સ્વભાવ ભેદ છે. પણ એ પોતે

વિભાવદશામાં પુરુષાર્થની મંદતાએ વિભાવ પર્યાયો પરિણમે છે પોતે. જેમ સ્ફટિક નિર્મળ હોવા છતાં એને નિમિત્ત લાલ, પીળો, નિમિત્ત છે. પણ લાલ, પીળારૂપે સ્ફટિક પોતે પરિણમે છે. એનો મૂળ સ્વભાવ તો સ્ફટિક છે. સફેદ છે. પણ પોતે લાલ પીળારૂપે, સ્ફટિક પોતે પરિણમે છે. એમ વિભાવ પર્યાયની દશાએ પોતે પરિણમે છે. પણ એનાથી પોતે સ્વભાવભેદ છે એમ શ્રદ્ધા કરીને એનાથી છૂટો પડે તો મૂળ જેનો નિર્મળ સ્વભાવ છે, એ નિર્મળ સ્વભાવરૂપે પોતે પરિણમે છે. પહેલા અમુક અંશે પરિણમે છે. પછી સાધક દશા એને વધતાં વધતાં પૂર્ણ શુદ્ધ પર્યાયે પરિણમે છે. પર્યાય ચેતનની છે. પર્યાય વગરનું દ્રવ્ય હોતું નથી. કાર્ય, જ્ઞાનનું જ્ઞાનરૂપ, દર્શનનું દર્શનરૂપ, ચારિત્રનું ચારિત્રરૂપ દરેક ગુણોના કાર્યરૂપે પોતે દ્રવ્ય પોતે જ પરિણમે છે. અંશે ભેદથી પર્યાય પરિણમે છે એમ કહેવાય. બાકી પરિણમે છે દ્રવ્યના આશ્રયે પરિણમે છે.

ભક્તિ : પર્યાયો કે પાર દેખ લે, પર્યાયો કે પાર દેખ લે, આપ સ્વયં ભગવાન રે.

✻ પ્રશ્ન : દ્રવ્યનો સ્વભાવ અને પર્યાયનો સ્વભાવ બે વચ્ચે અતદ્‌ભાવે ભેદ છે ?

● ઉત્તર : અતદ્‌ભાવે ભેદ નહીં. લક્ષણ ભેદ છે. જે જ્ઞાયક છે, જ્ઞાન એનો ગુણ છે. જ્ઞાન ગુણ અને દ્રવ્ય ગુણ અને દ્રવ્ય–બેય કાંઈ જુદા પડતા નથી. એના લક્ષણ ભેદે ભેદ છે. કાર્ય ભેદે ભેદ છે.

✻ પ્રશ્ન : વિભાવ કહેતાં આપણે બધા ગુણોનો સમૂહરૂપ વિભાવ લઈએ તો એમાં એ દ્રવ્યમાં કાંઈ ફરક છે?

✻ ઉત્તર : ગુણોનો સમૂહ તે જ દ્રવ્ય એમ કહેવાય પણ ગુણોનો સમૂહ એટલે બધા જુદા કટકા થઈને ભેગા થયા એને પછી એનું દ્રવ્ય થયું એવું નથી કાંઈ. એમ (કાલ્પનીક ભેદ ઉપજાવ્યો.) એમ નહીં કાંઈ. ગુણોનો સમૂહને દ્રવ્ય એમ કહેવાય પણ ગુણ બધા કટકા હતા અને પછી ભેગા થયા અને દ્રવ્ય થયું એમ નથી. દ્રવ્ય એક

વસ્તુ છે. વસ્તુનો સ્વભાવ છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર એ બધું એમ.

✻ પ્રશ્ન : ક્યોંકી વર્ણન મેં ગુરુદેવ ફરમાતે હૈ કી એકએક શક્તિ અનંત શક્તિઓમેં વ્યાપક ઔર ફિર કહેતે હૈ કિ એક એક શક્તિ અનંત શક્તિમેં મીલી હુઈ તો અન્ય પદાર્થ ઔર અનન્યપણાકા ભાવમેં સ્પષ્ટ અર્થ સમજાવો.

✻ ઉત્તર : આત્મા અખંડ હૈ ને તો ઈસમેં અનંતી શક્તિ એકબીજામેં વ્યાપક હૈ. વો શક્તિ કાંઈ આત્માકી શક્તિ હૈ ને? આત્મા અખંડ એક દ્રવ્ય હૈ. એક દ્રવ્ય છે આત્મા. તો એક દ્રવ્ય એટલે અનંત શક્તિ હૈ. દરેક શક્તિકા સ્વભાવ ભિન્ન ભિન્ન હૈ. ઈસલિયે ભિન્ન ભિન્ન કહનેમેં આતા હૈ. પણ એ દરેક શક્તિ એક આત્મામેં હૈ. પણ એ ભિન્ન ભિન્ન ઓ જુદા, જુદા દ્રવ્ય નહીં હૈ. એક આત્મામેં દરેક શક્તિ અનંત શક્તિ એક આત્મામેં હૈ. એટલે અભિન્ન હૈ. દરેક શક્તિ દરેકમેં વ્યાપક હૈ, એક દ્રવ્યમેં સત્ હૈ એટલે એક દ્રવ્યમાં અનંત શક્તિ માટે અનંત ધર્માત્મક વસ્તુ, અનંત શક્તિઓંસે ભરપૂર આત્મા, કોઈ અખંડ અભિન્ન હૈ. દરેક શક્તિકા સ્વભાવ ભિન્ન ભિન્ન હૈ. ભિન્ન ભિન્ન કહેનેમેં આતા હૈ. અપેક્ષાએ ભિન્ન, અપેક્ષાએ અભિન્ન હૈ. દરેક જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ, જ્ઞપ્તિ અને દર્શિશક્તિ બધું આવે છે ને? બધા એક બીજા, એક બીજામાં ને વ્યાપક છે. તો પણ દરેકના સ્વભાવ ભિન્ન ભિન્ન. માટે સ્વભાવ અપેક્ષાએ ભિન્ન ભિન્ન. એક દ્રવ્યની અપેક્ષાએ અભિન્ન. આત્માની દૃષ્ટિ અખંડ ઉપર જાય તો એક અખંડ આત્માકો ગ્રહણ કરે. ઈસમેં અનંત શક્તિ આ જાતી હૈ. અનંત ધર્માત્મક વસ્તુ એક ચૈતન્ય જ્ઞાયકકો ગ્રહણ કરે તો ઈસમેં અનંત શક્તિ ઈસમેં આ જાતી હૈ. ભિન્ન-ભિન્ન દૃષ્ટિ કરની નહીં પડતી હૈ. આત્મા અનંત સ્વભાવસે ભરપૂર હૈ. ઐસી મહિમા જ્ઞાન સબ જાન લેતા હૈ.

✻ પ્રશ્ન : ગુરુદેવ કહે છે કે દરેક ગુણોમાં અનંતગુણોનું રૂપ છે એટલે તે શું કહેવા માગે છે ?

● ઉત્તર : એક ચૈતન્ય અખંડ છે. માટે એકબીજા, એકબીજામાં રૂપ છે.

✻ પ્રશ્ન : જ્ઞાનમાં સત્‌ અસ્તિત્વ અસ્તિત્વપણું, જ્ઞાનમાં અસ્તિત્વગુણનું રૂપ એમાં જ્ઞાનમાં છે?

● ઉત્તર : એક અસ્તિત્વ ગુણ છે. તો જ્ઞાન અસ્તિત્વ, ચારિત્ર અસ્તિત્વ—એમ એકબીજા એકબીજાનું રૂપ છે. જ્ઞાન અસ્તિત્વરૂપ છે, ચારિત્ર અસ્તિત્વરૂપ છે બળ પણ અસ્તિત્વરૂપ છે. એમ જ્ઞાન પણ બળવાન છે. જ્ઞાન પણ સામાન્ય અને વિશેષ. જ્ઞાનનું દર્શન, દર્શનમાં જ્ઞાન, એમ એકબીજાનું એકબીજામાં રૂપ છે. જ્ઞાનમાં આનંદ છે. જ્ઞાન આનંદરૂપ છે. આનંદ ગુણ જુદો છે પણ જ્ઞાનમાં આનંદ છે. આનંદમાં ય જ્ઞાન છે.

❀ બહેનશ્રી : એમાં સાધનામાં વચ્ચે ઈ તો એક દૃષ્ટિ આત્મા ઉપર કરે એટલે ઈ તો બધું એમાં આવી જાય છે. આત્મા કેવો શક્તિવાળો, કેવો અનંત મહિમાથી અનંત ધર્માત્મક એવો છે. ઈ જાણવામાં એની મહિમા, આત્મા કેવો મહિમાવંત છે. એમ જાણવું. અનંત ગુણોથી ભરેલો, અનંતમાં અનંતનું રૂપ છે. અનંત અનંતરૂપે પરિણમે છે. એની મહિમા કેવી છે ? એકબીજાનું એકબીજામાં રૂપ છે. પ્રદેશત્વ આ રૂપે, આ રૂપે એ રીતે મહિમાવંત એક ચૈતન્યની મહિમા આ ચિદ્‌વિલાસમાં છે. (વારંવાર આતા હૈ) અચિંત્ય શક્તિવાલા આત્મા હૈ. કેવો ચૈતન્ય દ્રવ્ય છે? એમાં બુદ્ધિથી કામ કરવા જાય તો અમુક યુક્તિઓથી બેસે, બાકી તો સ્વાનુભવગમ્ય થઈ જાય. (બરાબર) અમુક યુક્તિઓથી બેસે કે અનંતગુણમાં અનંતનું રૂપ, અનંતમાં એક આનંદ રસ વેદે. આ વેદે આ વેદ કેટલા પ્રકારના. અચિંત્ય દ્રવ્ય, ગુણ, પર્યાયનું સ્વરૂપ છે અને ચૈતન્યનું સ્વરૂપ કેવું મહિમાવંત છે. ઈ એમાં જાણે તો અપૂર્વતા ભાસે કે આત્મા કેવો મહિમાવંત છે ? અગુરુલઘુની વાતમાં એવું છે, ઈ કેવો અગુરુલઘુ સ્વભાવવાળો ? હાનિવૃદ્ધિ રૂપ પરિણમવા છતાં એવો એ

એવો છે. વાસ્તવિક હાનિ વૃદ્ધિ થાતી નથી. એની તારતમ્યતામાં એ એવો ને એવો રહે છે એની પરિણમન શક્તિ કેવી જાતની છે. અનંત અનંતરૂપે પરિણમે છતાં એવો ને એવો રહે છે. તો એમાં કાંઈ ઘટતું નથી. કાંઈ વધતું નથી. છતાં પરિણમન એવી રીતે હાનિ વૃદ્ધિરૂપે રહે છે.

✻ પ્રશ્ન : અગુરુલઘુગુણનું પરિણમન કેવલીગમ્ય કીધું ?

● ઉત્તર : હા. કેવલીગમ્ય કીધું છે. તત્વનું સ્વરૂપ સૂક્ષ્મ સ્વરૂપ છે. કેવળીના જ્ઞાનના જ્ઞાનમાં આવે.

❀ બહેનશ્રી : ચેતનાગુણમાં જ્ઞાન, દર્શન કોઈ અપેક્ષાએ કહેવાય છે અને જ્ઞાન, દર્શન ને ગુણ જુદો પણ કહેવાય છે. ચેતના ગુણની અંદર સામાન્ય અને વિશેષ બેય ભેગું હોય. કોઈ અપેક્ષાએ જ્ઞાન દર્શન બેય જુદું કહેવાય છે.

❀ બહેનશ્રી : આત્મા અનુપમ છે તે તારું છે. એક મૂળ વસ્તુને ગ્રહણ કર. યથાયોગ્ય, દ્રવ્ય, પર્યાય ને યથાયોગ્ય સમજી લે તો એનો પુરુષાર્થ ઉપડ્યા વગર રહે નહીં. કઈ અપેક્ષાએ વ્યવહાર? કઈ અપેક્ષાએ પર્યાય? યથાયોગ્ય દ્રવ્ય, પર્યાયનું જ્ઞાન જો થાય તો એનો પુરુષાર્થ યથાયોગ્ય અંતરદૃષ્ટિ કરવાની છે. સ્વરૂપ પરિણતિને પ્રગટ કરવાની છે. ત્યાં એમ કાંઈ એક દ્રવ્યદૃષ્ટિ કરીને (પૂરતું નથી) પર્યાયની શુદ્ધિ કરવાની છે.

✻ પ્રશ્ન : દ્રવ્ય પર્યાયમાં આવતું નથી તો કઈ રીતે આવશ્યક ગણાય ?

ઉત્તર : દ્રવ્ય પર્યાયમાં નથી આવતું એટલે છે એ તો દ્રવ્ય, દ્રવ્ય સ્વરૂપ જ છે. દ્રવ્યનું સ્વરૂપ ઈ શાશ્વત અનાદિ અનંત છે અને પર્યાય છે એ ક્ષણ પૂરતી છે. એ પર્યાય પલટી જાય, એટલે કે દ્રવ્ય કાંઈ પર્યાયની જેમ ક્ષણે, ક્ષણે પલટાય એવું દ્રવ્ય નથી. દ્રવ્ય પર્યાયમાં આવતું નથી એટલે દ્રવ્ય કાંઈ ક્ષણે, ક્ષણે પલટાતું નથી. દ્રવ્ય તો એક સરખું રહે છે ને પર્યાય તો પલટાય છે. એટલે દ્રવ્ય પર્યાયમાં એમ

નથી આવતું. બાકી પર્યાય છે ઈ દ્રવ્યનું સ્વરૂપ છે. દ્રવ્ય, ગુણ અને પર્યાય ત્રણેય થઈને દ્રવ્યનું સ્વરૂપ છે. પણ ઈ પર્યાય છે ઈ ક્ષણે, ક્ષણે પલટાય છે. પણ દ્રવ્ય છે ઈ કાંઈ પલટાતું નથી. એટલે દ્રવ્ય પર્યાયમાં આવતું નથી. દ્રવ્ય અનાદિ અનંત છે અને પર્યાય પલટાયા કરે છે. પણ ઈ પર્યાય દ્રવ્યને આશ્રયે થાય છે. પર્યાય કાંઈ અદ્ધર નથી થાતી. પર્યાય દ્રવ્યના આશ્રયે થાય છે. ઈ પર્યાય દ્રવ્યમાં જ થાય છે. ઈ સ્વભાવ પર્યાય જે થાય, ઈ દ્રવ્યના આલંબનથી જે અનંત ગુણોની જ્ઞાનની પર્યાય થાય, આનંદની પર્યાય ઈ બધી દ્રવ્યના આશ્રયે થાય છે. શુદ્ધ આત્માની પર્યાય અને વિભાવમાં જે થાય છે ઈ પોતાના પુરુષાર્થની મંદતાએ થાય છે વિભાવિક પર્યાય. પણ ઈ વિભાવની પર્યાય ઈ સ્વભાવ પોતાનો નથી એને અને પોતાનો ભાવ ભેદ છે. પોતાનો સ્વભાવ જુદો અને વિભાવ પર્યાયનો સ્વભાવ જુદો છે માટે એનો ભાવ ભેદ. માટે એનાથી ભેદ જ્ઞાન કરે છે કે વિભાવનો ભાવ જે છે આકુળતાવાળો, ઈ મારો સ્વભાવ નથી. સ્વભાવ જુદો છે. પુરુષાર્થની મંદતાએ પર્યાય એની થાય છે પણ ઈ પર્યાય વિભાવ એનો ભાવ જુદો છે. એનો ભાવ જુદો અને મારો ભાવ જુદો એને ભેદજ્ઞાન કહેવાય છે. પણ પુરુષાર્થ તીવ્ર થાય તો વિભાવ પર્યાય છૂટી જાય અને સ્વભાવ પર્યાય પ્રગટ થાય છે.

✲ પ્રશ્ન : સ્વભાવ એટલે અહમ્ ભાવ આવવો જોઈએ ?

● ઉત્તર : ઈ સ્વભાવ જેવો છે એવો એને ગ્રહણ કરવો જોઈએ કે 'આ હું છું' એમ અસ્તિત્વ એનું ગ્રહણ કરવું જોઈએ. વિકલ્પરૂપે 'આ હું છું' એમ નહીં પણ એક વસ્તુ તરીકે જ્ઞાન જે જ્ઞાનની ધારા ચાલે છે ઈ જ્ઞાન ચાલે છે, ઈ જ્ઞાનનો ધરનારો એક ચૈતન્ય છે, ઈ ચૈતન્યને ગ્રહણ કર. જે અંદર 'હું હું' જે થઈ રહ્યું છે વિકલ્પરૂપે નહીં પણ અંદર જ્ઞાનનો, અસ્તિત્વનો બધાનો જાણનારો છે. જે અનંતકાળ ગયો અથવા પોતે નાનાથી મોટો થયો ઈ બધા ભાવો તો ચાલ્યા ગયા પણ એનો જાણનારો તો એમ ને એમ છે

સળંગ જાણનારો છે ઈ જ્ઞાન નાનો હતો પછી મોટો થયો પછી જે વિચારો આવ્યા તે વિચારો આવ્યા, ગયા એ બધાનો જાણનારો છે ઈ સળંગ એમ ને એમ જ છે. ઈ જાણનારાનું જે અસ્તિત્વ છે તે હું છું. ઈ જાણનારો હું છું. ઈ જાણ્યું બહારનું એટલે જાણનારો નહીં પણ હું જાણનારો સ્વયં હું જાણનારો જ છું. ઈ જાણનારનું અસ્તિત્વ ગ્રહણ કર. પર્યાય દ્રવ્યને આશ્રયે થાય છે. પણ પર્યાય જેટલું દ્રવ્ય નથી. દ્રવ્ય પર્યાય છે ને ક્ષણે ક્ષણે અંશ છે. અને દ્રવ્ય છે ઈ તો અંશી છે. અનંત ગુણ, અનંત પર્યાયરૂપે દ્રવ્ય પરિણમે છે અને પર્યાય તો પલટાયા કરે છે ને દ્રવ્ય તો એમ અનાદિ અનંત એક સરખું છે. અંશ પૂરતો દ્રવ્ય નથી. દ્રવ્ય તો આખો અંશી અનાદિ અનંત અનંત સ્વભાવનો ભરેલો છે. અનંત સ્વભાવથી ભરેલો છે.

✻ પ્રશ્ન : અનંત ગુણો કહીએ છે ઈ શું છે?

● ઉત્તર : ઈ અનંત ગુણો કહો, અનંત સ્વભાવ કહો એ બધું એક છે.

✻ પ્રશ્ન : બહુ ગજબ છે. આનંદ, આનંદ આનંદ થઈ જાય. સ્વ સંવેદનની જે પર્યાય પણ પોતે એનું લક્ષ નથી કરતી. હું ધ્રુવ છું એવી વાત એટલે પર્યાય પોતાનો નિષેધ કરે ઈ બધી અટપટી વાતો તો ગજબ બધી વાતો લાગે છે. ધ્રુવ તો કૂટસ્થ ધ્રવ છે.

✻ ઉત્તર : ઈ જ્ઞાયકરૂપ ધ્રુવ છે. જ્ઞાનમાં બધું જાણે છે. વેદનમાં એને બધું આવે છે. સ્વાનુભૂતિનું વેદન થાય છે. જ્ઞાનમાં આવે છે અને ધ્રુવ પોતે પારિણામિકભાવ સ્વરૂપ ધ્રુવ ઉપર દૃષ્ટિ છે. બધુંય સાથે વર્તી રહ્યું છે. દરેક ગુણ આત્માના દૃષ્ટિ દ્રવ્ય ઉપર છે. જ્ઞાનમાં જણાઈ રહ્યું છે. વેદન બધું થઈ રહ્યું છે. અનંત ગુણોનું વેદન આનંદ, જ્ઞાન, દ્રવ્ય, ગુણ, પર્યાયનું બધાનું વેદન બધાને જાણે છે ને દૃષ્ટિ બધાને શાશ્વત ધ્રુવરૂપે દ્રવ્યને દૃષ્ટિ શાશ્વત ધ્રુવરૂપે છે ચેતનની બધી વાત કોઈ અદ્ભૂત છે.

✻ પ્રશ્ન : જ્યારે મોક્ષે જાય છે ત્યારે ત્યાં ધર્માસ્તિકાય અધર્માસ્તિકાયનો અંત આવી જાય છે ? એનાથી તો ઉપર નથી જઈ શકતો બરાબર ? એટલે કે ધર્માસ્તિકાય જે ઉદાસીન રૂપે ગતિમાં ફાયદારૂપ થાય ત્યાં સ્થિર થઈ ગયા પછી ધર્માસ્તિકાય કેવી રીતે મદદ કરે છે ?

● ઉત્તર : એવું છે ને ચાલતા ગતિમાન હોય એને નિમિત્ત બને છે. ગતિમાન ન હોય એને નિમિત્ત બને એમ નથી. જે ગતિમાં હોય એને નિમિત્ત બને છે. ચાલતા પછી સ્થિર થાય એને અધર્માસ્તિકાય નિમિત્ત બને છે. ગતિમાનને ધર્માસ્તિકાય નિમિત્ત બને છે. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે.

બોલો સદ્ગુરુદેવનો જય હો!

ભગવતી માતનો જય હો!

## તારી એક એક પલ

તારી એક એક પલ જાય લાખની
તું તો આરાધના કરી લે આતમદેવની
તારી જીંદગી છે મોંઘામૂલની,
તું તો આરાધના કરી લે જ્ઞાયકદેવની
જીયરા મારું-તારું મેલ, પડ્યો તું ભવ ભવસાગરની જેલ
હવે છોડી દે માયા સંસારી...તું તો આરાધના....
ભાવો શુભાશુભ છે હેય એમાં કરો ના રાગ-દ્વેષ
એવી જિનઆજ્ઞા તું માન રે....તું તો આરાધના....